અંતે અડવાણી ગાંધીનગર માટે માની ગયા

ગાંધીનગર બેઠક પરથી જ મેદાનમાં ઉતરશે : ટુંકુ નિવેદન જારી કરી અડવાણીની જાહેરાત : ભાજપમાં આખરે રાહત

નવીદિલ્હી,તા. ૨૦

ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી ગુજરાતની ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડશે તેવી જાહેરાત આજે આખરે કરી દેવામાં આવી હતી. આની સાથે જ ભાજપમાં મોટી રાહત થઇ હતી. અડવાણી આખરે તેમની નારાજગી દૂર કરીને ગાંધીનગર બેઠક પરથી ચૂંટણી લડવા રાજી થઇ ગયા હતા. એક લાઇનનું નિવેદન અડવાણીએ મોડેથી જારી કર્યું હતું. અગાઉ ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે ખુલાસો કર્યો હતો કે, વરિષ્ઠ નેતા અડવાણી ગાંધીનગર અથવા ભોપાલ બંનેમાંથી તેમની પસંદગીની બેઠક ઉપર ચૂંટણી લડી શકે છે. અડવાણી પોતે તેમની પસંદગીની લોકસભાની બેઠક નક્કી કરી શકે છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, અમને ભોપાલમાંથી ચૂંટણી લડવા અડવાણી માટે મધ્યપ્રદેશમાંથી દરખાસ્ત મળી છે. અડવાણીની તેમની પસંદગી રહેશે. સુષ્મા સ્વરાજ અને અન્ય નેતાઓ પણ અડવાણીને મળીને તેમની ઇચ્છા જાણી ચુકયા છે. પક્ષના હેડકવાર્ટર ખાતે રાજનાથસિંહ અને અન્ય નેતાઓએ કહ્યું હતું કે, કોઇપણ મતભેદ નથી. મતભેદ હોવાના અહેવાલ પાયાવગરના છે.

પ્રગતિ સૌને પ્રિય છે, પણ પ્રગતિને પ્રામાણિકતા અને પુરૂષાર્થ વ્હાલા છે તે ન ભૂલવું જોઇએ
- ડોંગરેજી

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯ | ૨૧ માર્ચ, ૨૦૧૪, શુક્રવાર; ફાગણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS ન્યૂઝ

● જાણીતા લેખક ખુશવંતસિંહનું અવસાન

જાણીતા લેખક, પત્રકાર,

નવલકથાકાર ખુશવંતસિંહનું ૯૯ વર્ષની જૈફ વયે નિધન થયું છે. ૧૯૧૫માં પંજાબ પ્રાંતમાં જન્મેલા ખુશવંતસિંહની રચનાઓએ વિવાદો પણ ઉભા કર્યા હતા. સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરવા બદલ તેઓને પદ્મભૂષણ, પદ્મવિભૂષણથી નવાજવામાં આવ્યા હતા. તેઓ છેલ્લા ઘણા સમયથી બિમાર હતા.

● ટેક્સ ભરવાની સુવિધા માટે બેંકો ૩૦મી અને ૩૧મી ખુલ્લી રહેશે

ટેક્સ ભરપાઈ થઈ શકે તે માટે બેન્ક શાખાઓ ૨૯, ૩૦ અને ૩૧મી માર્ચના રોજ ખુલ્લી



રહેશે. ૨૯મી માર્ચના રોજ શનિવાર છે જ્યારે ૩૦મી માર્ચના રોજ રવિવાર અને ૩૧મીએ સોમવાર છે. આ દિવસો દરમ્યાન ટેક્સ ભરપાઈ કરવાની સરળતા રહે તે માટે બેન્કો ખુલ્લી રહે તેવા નિર્દેશો જારી કરવામાં આવ્યા છે.

● વિરેન્દ્ર સહેવાગ-યુવરાજસિંહનો ચૂંટણી લડવા ઈન્કાર

આગામી લોકસભાની ચૂંટણી દિનપ્રતિદિન હાઈ પ્રોફાઈલ બની રહી છે. ફિલ્મી સિતારાઓ અને

રમતવીરોને વિવિધ પાર્ટીઓ ટીકીટ આપી ચૂંટણી લડાવવા ઈચ્છી રહી છે. કોંગ્રેસ પાર્ટીએ જાણીતા ક્રિકેટર વિરેન્દ્ર સહેવાગ, યુવરાજસિંહ, હરભજનસિંહ અને અભિનેતા મનોજ બાજપાઈને ટીકીટની ઓફર કરી હતી પરંતુ તેઓએ તે નકારી દઈ ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો છે.

● પરેશ રાવલને હવે ખેડા-સાબરકાંઠાથી લડાવાશે

અમદાવાદ પૂર્વની બેઠક

પરથી અભિનેતા પરેશ રાવલને ભાજપ ટીકીટ આપશે તેવી વાતો છેલ્લા કેટલાક દિવસોથી વહેતી થઈ હતી જો કે છેલ્લા સમાચાર મુજબ આ બેઠક પર સાંસદ હરિન પાઠકને પુનઃ ટીકીટ આપવાનો નિર્ણય લેવાયો છે જ્યારે પરેશ રાવલને સાબરકાંઠા અથવા ખેડાની પ્રતિષ્ઠિત બેઠક પરથી લડાવાશે.

જિલ્લામાં હવે ૧૦ મોડેલ મતદાન મથક

એક ગ્રામ્ય વિસ્તારમાં અને એક શહેરી વિસ્તારમાં પસંદ કરવા માટે તંત્રને સૂચના આપતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં હવે ૧૦ મોડેલ મતદાન મથકો બનાવવામાં આવશે. અગાઉ દરેક વિધાનસભા દીઠ એક મતદાન મથક મોડેલ મતદાન મથક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે આજે ચૂંટણીની તૈયારીમાં થયેલ પ્રગતિની સમીક્ષા દરમ્યાન આ નિર્ણય અંગેની જાણકારી આપી હતી.

જિલ્લાના પાંચ વિધાનસભા મત વિસ્તાર છે. દરેક વિધાનસભા મત વિસ્તાર દીઠ બે મતદાન મથક મોડેલ મતદાન મથક બનાવાશે. જેમાં એક મતદાન મથક ગ્રામ્ય વિસ્તારનું રહેશે જ્યારે બીજુ મતદાન મથક શહેરી વિસ્તારનું રહેશે.

તંત્રએ અગાઉ પાંચ મોડેલ મતદાન મથકો નિયત કર્યા હતા હવે આ સપ્તાહના અંત સુધીમાં વધુ પાંચ આવા મોડેલ મતદાન મથક તૈયાર કરી તેની જાણ કરવાની રહેશે.

આ મોડેલ મતદાન મથકમાં મહિલા મતદારોની અલગ લાઈન માટેની વ્યવસ્થા, શેડ, સાઈન બોર્ડ સહિત ખાસ કલરકોડથી સજ્જ કરવાનું આયોજન છે.

આજે આ સમીક્ષા બેઠક દરમ્યાન જિલ્લામાં મતદાર નોંધણી અભિયાનને મળેલ સારા પ્રતિસાદ પછી નવા મતદાન મથકની જરૂરિયાત હોય તો તાત્કાલિક તેની જાણ કરવા માટે પણ અધિકારીઓને સૂચવવામાં આવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

ચૂંટણી કામગીરીના કર્મચારીઓને તાલીમ આપવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની ચૂંટણી માટે તંત્રએ હાથ ધરેલી તૈયારીઓ અંતિમ તબક્કા તરફ આગળ વધી રહી છે ત્યારે ૩૦ માર્ચ સુધીમાં તમામ કર્મચારીઓને તાલિમ બદ્ધ કરી દેવામાં આવે તેવી તાકીદ આજે જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપે અધિકારીઓની સમીક્ષા દરમ્યાન કરી હતી.

ડૉ. સ્વરૂપે તાલિમબદ્ધ કરવા માટે ટ્રેનર્સ ઓફ ટ્રેનર્સની તાલિમ ૨૪મી માર્ચે યોજવા અને ૨૮, ૨૯ માર્ચના રોજ તમામ કર્મચારીઓને તાલિમ આપી દેવામાં આવે તે રીતે કાર્યક્રમ તૈયાર કરવા સૂચવ્યુ હતુ.

ડૉ. સ્વરૂપે આજની સમીક્ષા બેઠકમાં તમામ નોડલ અધિકારીઓ પાસેથી તેમને સોંપવામાં આવેલ જવાબદારી અન્વયે થયેલ કામગીરીની વિગતો મેળવી હતી.

તેમણે ઈવીએમ મેનેજમેન્ટની સમીક્ષા કરતાં ગાંધીનગર માટે પુરતા ઈવીએમ હોવાની વાતની નોંધ લઈ કર્મચારીઓની તાલિમ પર ભાર મુક્યો હતો. આ વખતે સામાન્ય ચૂંટણીમાં 'નોટા'નો ઉપીયોગ થનાર હોવાથી ઈવીએમની ચકાસણી પર પુરેપુરૂ ધ્યાન અપાય અને લોકોને આ અધિકારથી વાકેફ કરવા માટે નિદર્શન અભિયાનનું આયોજન કરવા પણ સૂચવ્યું હતું.

આજની આ બેઠકમાં ખર્ચ વ્યવસ્થાપન અંતર્ગત થયેલ કામગીરી તેમજ વીએસટી અને ફ્લાઈંગ

● અનુસંધાન પાન-૭ પર

રે પંખીડા સુખથી ચણજો... - ગરમીના દિવસોમાં ઘાસની ઠંડકમાં ચણતા કબૂતરોનું દૃશ્ય અદ્‌ભૂત છે... ગરમીના દિવસોમાં પક્ષીઓ ઠંડકની શોધ કરતા હોય છે... કોઈ વૃક્ષના છાયામાં, ડાળીઓના ઝુમખામાં, તળાવની પાળે કે હરિયાળીમાં... ગરમીમાંથી રાહત મેળવવા મથામણ કરે છે... આજકાલ વધતી ગરમીના દિવસોમાં પક્ષીઓ માટે શક્ય જીવદયા પ્રગટાવી, પ્રસરાવીએ એ સમયની માંગ છે...

શહેરમાં પાણી-ગટરવેરા વસુલાત ઝુંબેશ અન્વયે નબળી કામગીરી

અંદાજિત ૨.૨૫ કરોડના માંગણા સામે માત્ર ૬૦ લાખ જ વસુલાયા : છેલ્લા દસ દિવસમાં વેરો ચુકવી વળતરનો લાભ લેવા તંત્રની અપીલ

ગાંધીનગર, તા. ૨૦

શહેરમાં હાલ પાણી ગટરવેરો વસુલવાની ઝુંબેશ ચાલી રહી છે. ત્યારે વેરો વસુલવા તંત્ર દ્વારા વિવિધ ચાર કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. પરંતુ માર્ચ મહિનાની વસુલાત ઝુંબેશમાં પણ સવા બે કરોડના માંગણા સામે માત્ર અંદાજિત ૬૦ લાખ જેટલી જ વસુલાત થઈ હોવાનું ધ્યાને આવ્યું છે. વસુલાતની નબળી કામગીરીને લઈ તંત્ર પણ ચિંતિત બન્યું છે. ત્યારે આગામી ૩૧ માર્ચ સુધીમાં વેરો ચુકવીને વળતરનો લાભ લેવા પણ નગરજનોને અપીલ કરવામાં આવી છે.

પાણી ગટરવેરાની વસુલાત અન્વયે તંત્ર દ્વારા ગત મહિના દરમ્યાન બીલ વહેંચણીની કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં અડવાણી V/S કિરીટ પટેલ

કોંગ્રેસ પક્ષે મોડી સાંજે વધુ ચાર નામ જાહેર કર્યા : પાટણમાં ભાવસિંહ રાઠોડ, ગોધરામાં રામસિંહ પરમાર, અમરેલીમાં વિરજી ઠુમ્મરની કરાઈ પસંદગી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર લોકસભા બેઠકમાટે આજે રાત્રે અડવાણી ઉમેદવારી નોંધાવવા તૈયાર થતાં જ કોંગ્રેસ પક્ષે પૂર્વ રાજ્યમંત્રી શ્રી કિરીટ પટેલની પસંદગીને આખરી મહોર મારી દીધી છે.

આમ હવે ગાંધીનગર બેઠક પર શ્રી અડવાણી અને શ્રી પટેલ વચ્ચે જંગ ખેલાશે. શ્રી કિરીટ પટેલ વિસનગરની બેઠક પરથી અગાઉ ચૂંટાઈને વિધાનસભામાં આવ્યા હતા અને રાજ્યકક્ષાના ઉદ્યોગમંત્રી તરીકે હોદો સંભાળ્યો હતો.

કોંગ્રેસ પક્ષે આજે વધુ ૪ નામ જાહેર કર્યા છે જેમાં પાટણની બેઠક માટે ભાવસિંહ રાઠોડની પસંદગી કરી છે તો પંચમહાલ બેઠક પર રામસિંહ પરમારની પસંદગી કરી છે. અમરેલીની બેઠક પર પૂર્વ સાંસદ વિરજી ઠુમ્મરની પસંદગી કરી છે.

શ્રી લાલકૃષ્ણ અડવાણી સમક્ષ બીજીવાર કોંગ્રેસ પક્ષે પૂર્વ ધારાસભ્યને જંગમાં ઉતાર્યા છે. છેલ્લી ચૂંટણીમાં કલોલના પૂર્વ ધારાસભ્ય સુરેશ પટેલને મેદાનમાં ઉતાર્યા હતા.

શ્રી કિરીટ પટેલ છેલ્લા ઘણા સમયથી અમદાવાદ ખાતેસ્થાયી થયેલા છે. શ્રી અડવાણી ૧૯૯૧થી આ બેઠકનું પ્રતિનિધિત્વ સંસદમાં કરી રહ્યા છે. આજે મોડી સાંજે પક્ષના નેતાઓ તેમને મનાવવામાં સફળ રહ્યા છે અને તેમણે નિવેદન કરી ગાંધીનગરથી ચૂંટણી લડવા સહમતિ દર્શાવી તેની જાણ રાજનાથસિંહને પણ કરી છે.

શ્રી અડવાણી ગાંધીનગરની બેઠક પરથી દ્દીવાર ચૂંટણી લડી રહ્યા છે. શ્રી કિરીટ પટેલ તેમની સામે પ્રથમવાર લોકસભાનો જંગ લડી રહ્યા છે.

ગાંધીનગર મેડિકલ કોલેજને ત્રીજા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી

કોલેજ કેમ્પસમાં આનંદનો માહોલ છવાયો : ડિપ્લોમાં પોષ્ટ ગ્રેજ્યુએશન માટે વધુ એક ઈન્સ્પેક્શન થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મેડિકલ કોલેજને આજે ત્રીજા વર્ષના અભ્યાસક્રમ માટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી આપી દેવામાં આવતાં કોલેજ કેમ્પસમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

મેડિકલ કોલેજના ઈન્સ્પેક્શન માટે ૩ સભ્યોની ટીમ આ માસના પ્રારંભે ગાંધીનગર આવી હતી અને બે દિવસના રોકાણ કરી હોસ્પિટલની સેવાઓ તેમજ મેડિકલ કોલેજની સુવિધાઓ અંગે ઝીણવટભર્યુ ઈન્સ્પેક્શન કર્યું હતું.

ટીમે ઈન્સ્પેક્શનના અંતે પોતાનો અહેવાલ કાઉન્સીલને સુપ્રત કર્યો હતો અને આજે કાઉન્સિલ તરફથી વિધિવત્ રીતે મંજૂરીની જાણ કોલેજ સત્તાવાળાઓને કરવામાં આવી હતી.

કાઉન્સિલની મંજૂરી મળી ગયાની વાતો પળવારમાં જ કોલેજ કેમ્પસમાં પ્રસરતા સમગ્ર સંકુલમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

ગત વર્ષે બે વખત ઈન્સ્પેક્શનના અંતે કાઉન્સિલ તરફથી મંજૂરી મળી હતી જ્યારે આ વખતે ઝડપથી અને સમયસર મંજૂરી મળી જતાં કોલેજ સત્તાવાળાઓએ પણ ખુસી વ્યક્ત કરી છે.

આ વર્ષે કોલેજ સંકુલમાં ડિપ્લોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન માટે પણ મંજૂરી માગંવામાં આવી છે. આ માટે જરૂરી અરજી પણ ભારત સરકારને કરી દેવામાં આવી છે અને આ માટેનું ઈન્સ્પેક્શન પણ આગામી દિવસોમાં આવશે તેમ કોલેજના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. કોલેજે ૧૫ જેટલી બેઠકોની ચાર અલગ-અલગ વિદ્યાશાખાની માંગણી કરી છે.